R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 11 February - 2014

## ઋતુરાજ વસંત

રંગ, રૂપ અને સુગંધની વાસંતીનો ત્રિવેણી સંગમ એટલે વસંતઋતુ. ઋતુરાજ વસંતની પધરામણી, પ્રકૃતિના સૌંદર્યની છડીદાર એટલે વસંતપંચમી. છ ઋતુઓ વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મમાં ઋતુઓની રાણી એટલે વર્ષારાણી અને ઋતુઓનો રાજા એટલે વસંત ઋતુ.

શિશિરમાં ઠંડી ઓસરતી જાય અને પછી પ્રકૃતિ નવપલ્લિત થાય, સોળે કળાએ ખીલી ઉઠે છે. વસંતનું આગમન થાય છે. મોરના ટહુકા વર્ષાને વધાવે છે અને આમ્રમંજરીની સુગંધ થી ખેંચાઈને આવતી કોયલ મીઠામીઠા ટહુકાથી વસંતના સંદેશા ફેલાવે છે. પ્રકૃતિના સૌંદર્યથી સર્વત્ર આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ, રોમાંચ વ્યાપી જાય છે. કેસુડો કામણગારો થાય છે. ગુલમહોરના ફૂલોની લાલિમા પ્રેમરસ રેલાવે છે. ફૂલોની પરાગ પર મંડરાતા પતંગિયા, ભ્રમર પ્રકૃતિના સૌંદર્યમાં નિખાર અને વાતાવરણમાં સંગીત રેલાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. ઋતુઓમાં વસંત હું છું. પ્રકૃતિના આ વૈભવમય તહેવારથી ઠાકોરજીને વાસંતી વાઘા ધરાવાય છે. અબીલ ગુલાલથી ખેલાવાય છે.

- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

**2nd Cover Page**



શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીર ધારિયા (રંગુનવાલા) પુરસ્કૃત

ઉપનગર વિભાગ યોજે છે.

# 'નવુ ગુજરાતી નાટક'

**સ્થળ : પ્રબોધન ઠાકરે હોલ બોરીવલી (વેસ્ટ)**

**તારીખ : ૩૦-૦૩-૨૦૧૪ રવિવારે સવારે ૯.૪૫ કલાકે**

**ટીકીટ મળવાનું સ્થળ :**

**(૧) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**

સી/૩૦૨, સુમેર નગર, એસ. વી.રોડ. (વિરાર થી બોરીવલી સુધી) બોરીવલી (વેસ્ટ) ૯૮૨૦૦૧૧૫૮૬

**(૨) શ્રીમતી કોકીલાબેન હિરાલાલ પરીખ**

શંકરલેન, કૈલાસનગર, ઉ/૨૧, કાંદિવલી વેસ્ટ : ૨૮૦૭૭૮૭૦ (કાંદિવલી, મલાડ અને ગોરેગાંવ)

**(૩) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી**

B/ ૧૨, નવશિલ્પવની, લલ્લુભાઈ પાર્ક, Ext.૧, અંધેરી વેસ્ટ : ટે. ૨૬૨૦૩૧૭૪

**(૪) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, આરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**(માહિમ થી પ્રોપર મુંબઈ તેમજ સેન્ટ્રલ સબરબન વાળા)**

**નાટકની ટીકીટ તા. ૧૬-૦૩-૨૦૧૪ રવિવારે સવારે ૧૦ થી ૧૨ મળશે.**

**ત્યાર પછી ટીકીટ વધશે તો મુંબઈથી તા. ૧૭-૦૩-૨૦૧૪ બપોરે ૧ થી ૪**

**સ્થળ : (૧) શ્રી સૌમીલ મોદી – શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ**

મો. ૯૯૨૦૨૧૩૪૨૬, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, મુંબઈ - ૪૦૦૦૦૩

**(૨) શ્રી ગોપાલ કડકીયા, એલાઈડ ઈલેટ્રીક કુ.**

૨૯/બી, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨, ટેલી. ૨૨૦૮૯૧૩૮

**ટીકીટનો દર : રૂા. ૬૦/-, રૂા. ૫૦/- અને રૂા. ૩૦/- (બાલકની) વ્યક્તિ દીઠ.**

આ સાથે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (હસ્તે શ્રી રાજુભાઈ શાહ) પુરસ્કૃત પારિતોષીકનું વિતરણ ધો. ૧ થી ૯ ગુજરાતી તેમજ ઈંગ્લીશ મીડીયમ બન્ને કંમ્બાઈન કરીને ઈનામ આપવામાં આવશે. જેમણે ઈનામ લાગ્યું હશે તેમને સંયોજક તરફથી ફોન આવશે

આપ સૌને સાથ સહકાર આપવા વિનંતી.

**સંયોજક: સુનીલ મોદી (ઠાસરાવાળા) - ૯૮૨૦૧૨૦૬૪૯**

**મંત્રી: ભાવેશ મોદી (ઠાસરાવાળા) - ૮૮૭૯૪૨૨૩૦૪**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૧૧ | ૨૧-૦૨-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

દેવાંગ મોદી/ જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# પરીક્ષા પહેલાનું IMP

સાત ઘોડાના રથ પર સવાર થઈને પરીક્ષા આવી રહી છે. ઘરના ને બહારના તમામ પ્રોગ્રામને સાઈડમાં કરી દેનાર એટલે આપણા વિદ્યાર્થી બાળકો રાહીલ, શનાયા, થિનેશ, પ્રમિલ, આશકા, ધ્રુવી, પ્રણય વગેરેની પરીક્ષા. પરીક્ષાનો હાઉ (ડર) સૌને સતાવે છે. લગભગ બધાજ ઘરોમાં પરીક્ષાને લગતા ચોપાનિયા, માહિતીઓ, જૂના-નવા વર્તમાન Extra Papers, નવી બુક્સ, ગાઈડ્સ વગેરે આવવા લાગે છે. Exam Time પૂરતા Special Tutions ના ભાવતાલ થવા લાગે છે. વાંચવા માટે લાયબ્રેરી ગાર્ડન, શાંતસ્થળ નક્કી કરાય છે. પરીક્ષા માટે થઈને ટેન્શન, હાઈપર ટેન્શન, વઢાવઢ, બૂમાબૂમ, મારઝૂડ, મનામણાં, રિસામણા સાથે થાબડભાણા, સ્પેશ્યલ કેર, બાળકોની જીદ સંતોષવી, માકર્સ માટેની ચેલેન્જ, ઈનામોની શુભેચ્છા કે લાલચ વગેરે સિનારીઓ ઘર ઘરમાં ગોઠવાતો જાય છે.

સર્વ પ્રશ્નના ઉપાય અને નિરાકરણ હોય જ છે. આ બાબત હંમેશ યાદ રાખો.

દિવસની શુભ શરૂઆત વિદ્યાની દેવી 'મા સરસ્વતી'ના શ્વોક થી કરો. એના કૃપાપાત્ર બનો.

**।। શુકલાં બ્રહ્મવિચાર સારપરમા, માદ્યામજગદ્ વ્યાપિનીમ્ ।।**
**।।વીણાપુસ્તક ધારિણીમ્ અભયદામ્, જાડયાંધકારા પહામ્ ।।**
**।। હસ્તે સ્ફાટિક માલિકા વિદ્‌ધતીમ્, પદ્માસને સંસ્થિતામ્ ।।**
**।। વંદેતામ્ પરમેશ્વરીમભગવતીમ્, બુદ્ધિપ્રદામ્ શારદામ્ ।।**
**।। બુદ્ધિપ્રદામ્ શારદામ્, બુદ્ધિપ્રદામ્ શારદામ્ ।।**

બાલાસિનોરના સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો પર મા

સરસ્વતીની અસીમ કૃપા અવતરે એવી અમારા સર્વ તરફથી મંગલ-પ્રાર્થના.

**તંદુરસ્ત અને તાજામાજા રહેવાના અનેકવિધ ઉપાયોઃ**

૧) પવિત્ર, સ્વચ્છ, શાંત વાતાવરણમાં પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી આસન, શેતરંજી પર બેસી ઉંડા શ્વાસ લેવા અને છોડવા. (૯,૧૧,૧૫ વાર)

૨) ૐ નું ઉચ્ચારણ કરવું, પ્રસન્નચિત્તે સતત રટણ કરવું. (૫, ૯ વાર)

૩) આંખો બંધ રાખી, શાંત ચિત્તે બેસવું. મનમાં શરીર અને મનની તંદુરસ્તી માટે ભાવ કેળવવો, પરીક્ષાનો ડર નીકળી ગયો છે તેવો ભાવ કેળવવો.

૪) પોઝિટિવ વિચારો રાખવા. સર્વ સ્થિતિ, સંજોગો અનુકુળ છે તેવા સારા વિચારો રાખવા.

૫) કુદરત સાથે સાનિધ્ય કેળવવું. બારીમાંથી હર્યાભર્યા લીલા મેદાન, વૃક્ષો તરફ નજર કરવી. પંખીઓની ચહલ પહલ, એના કલરવ સાંભળવા, ઉગતા અને આથમતાં સૂર્ય તરફ ટગર ટગર જોયા કરવું, રાત્રે ચંદ્ર, તારા તરફ દ્રષ્ટિ કરવી, બગીચામાં, નદી કિનારે, દરિયાકિનારે ફરવા જવું.

૬) સંગીત સાંભળવું, ગીતો સાંભળવા, ગીતો ગાવા, ડાન્સ જોવા, ડાન્સ કરવા.

૭) થોડી વાર દોરડા કૂદવા, શેતરંજી પાથરી, એક જ જગ્યા પર જોગીંગ કરવું.

૮) શેતરંજી અથવા ચટાઈ પર ચત્તા સૂઈ જવું. શરીર ઢીલું છોડી દેવું. બંને હાથની હથેળી આકાશ તરફ ખુલ્લી રાખવી. માથું જરા ડાબી બાજુ પર ઢાળી દેવું. આંખો બંધ રાખી શાંત ચિત્તે ૧૦-૧૫ મિનિટ આ અવસ્થામાં સૂઈ રહેવું.

૯) દિવસમાં ત્રણ થી ચાર વાર આંખો પર ઠંડા પાણીની છાલક મારી મોઢું ધોઈ નાખવું. વાળમાં તેલ નાખી હળવું માલિશ કરવુ. ક્યારેક ફરીવાર નાહી લેવું.

૧૦) અભ્યાસ દરમ્યાન દર કલાક બે કલાકે ૧૦-૧૫ મિનિટનો વિરામ રાખવો.

૧૧) દિવસમાં ઓછામાં ઓછું એક કલાક ઘરની બહાર નીકળી રમતો રમવી, ફરવા જવું.

૧૨) ભજન, ધૂન ગાતી વખતે આપણે જેમ તાળીઓ પાડીએ છીએ તેમ થોડી વાર તાળીઓ પાડવી.

૧૩) પોતાના બનાવેલ નિયમો વારંવાર તોડવા નહીં.

૧૪) હંમેશા પેટ થોડું હલકું રાખીને જ ભોજન કરવું, પૌષ્ટિક આહાર લેવો. દિવસ દરમ્યાન ચાહીને પાણી વધારે પીવું.

૧૫) અચાનક પેટ બગડે, અતિસાર, ઝાડા થાય તો અડધા કપ ચ્હા (ઘરમાં પીવાની રેગ્યુલર ચ્હા)માં અડધો કપ માટલાનું પાણી ઉમેરી દેવું. આ પી જવું. અતિસાર બંધ થઈ જશે.

૧૬) અન્નનળી અને પેટમાં બળતરા ઉપડે, એસિડીટી થાય તો અડધા કપ ઠંડા દૂધમાં અડધો કપ પાણી ઉમેરી દેવું. આ પી જવું. બળતરામાં રાહત થશે.

૧૭) બ્લડપ્રેશર લો થઈ જાય તો એક ગ્લાસ હુંફાળા પાણીમાં એક ચમચી પીપરી મૂળના ગંઠોડા નાખી હલાવી પી જવું. બી.પી. નોર્મલ થઈ જશે. (બી.પી. વાળાએ ડૉકટરને પૂછયા વગર દવા બંધ કરવી નહીં)

૧૮) પરીક્ષા હોલમાં પેપર વાંચતા જ માથુ ભારે થઈ જાય, ચક્કર આવવા લાગે ત્યારે તરત જ પોતાની

મેળે Nosel Point પર Pressure આપવું, દબાણ આપવું. એક મિનિટમાં આ ઉપાધિમાંથી મુક્ત થવાશે.




ચિત્રમાં દશાવ્યા પ્રમાણે ડાર્ક પોઈટ છે તે Nosel Point છે. પહેલી આંગળી વડે, નખ વાગે નહી તે રીતે, એરો દર્શાવ્યા છે તેમ ક્રોસ માં ઉપરની તરફ Pressure Point દબાવો. નાકની વચ્ચેની દિવાલનો ભાગ જ્યાં હોઠ ની ઉપરની ચામડીને અડે છે ત્યાં.

**વિદ્યાર્થીઓએ શું તકેદારી (કાળજી) રાખવી ?**

૧) બોર્ડની Exam ના વિદ્યાર્થીઓએ હોલ-ટિકિટની બે ઝેરોક્ષ કઢાવવી. એક ઓરીજીનલ સાથે દફતર, બેગમાં અલગથી ગોઠવવી અને બીજી ઘરમાં કબાટમાં અથવા યોગ્ય જગ્યાએ મૂકવી.

૨) સેન્ટરની તપાસ Exam ના ૩-૪ દિવસ પહેલાં કરી લેવી. આમાં સમયની ગણતરી જવા આવવાની કરી લેવી. સેન્ટરમાં કલાસરૂમ, બેન્ચ, પોઝિસન વગેરે ચેક કરી લેવા.

૩) જો સેન્ટર દૂર હોય તો જવા આવવા માટે છૂટા પૈસાની સગવડ કરી રાખવી. ઘણાં દિવસો પહેલાથી છૂટા પૈસા ભેગા કરવા જેથી છેલ્લી ઘડીએ પરચૂરણ માટે દોડાદોડ થાય નહી.

૪) પરીક્ષાની આગલી રાત્રે Exam માટેની સર્વ વસ્તુઓ એકત્ર કરી લેવી. બીજી એક પ્લાસ્ટિક બેગમાં નાની પાણી પીવાની બોટલ, એક નાનું બિસ્કીટનું પેકેટ રાખવું.

૫) ગરમી થાય કે નડતર રૂપ થાય તેવા કપડા પહેરવા નહી, હંમેશા કમ્ફરટેબલ શૂઝ, ચપ્પલ પહેરવા.

૬) Exam Center પર સમયસર પહોંચી જવું જેથી ત્યાં ઉભેલા પોલિસોને સમજાવવાનો વારો આવે નહીં.

૭) અચાનક તોફાન, હડતાળ અને બીજી મુશ્કેલીના સમયમાં નજીકના સેન્ટરમાં જઈ Exam આપવી.

૮) Exam હોલમાં Exam આપતાં પહેલાં પાંચ ઉંડા શ્વાસ લઈ લેવા.

૯) પ્રશ્નપત્ર બરાબર આખું છપાયું છે કે નહીં તેની ચોકસાઈ કરી લેવી, પ્રશ્નપત્રમાં કોઈ પાનું ઝાંખુ અથવા અધૂરૂં છપાયું હોય તેવું લાગે તો તરત જ પ્રશ્નપત્ર બદલાવી લેવું.

૧૦) રોજ Time-Table ચેક કરીને જ જે તે વિષય વાંચવા બેસવું.

૧૧) રોજ લખવાની પ્રેકટિસ રાખવી.

૧૨) મા-બાપ, ગુરુજનો વડીલોના આશિર્વાદ લેવા, ઈષ્ટદેવનું સ્મરણ કરવું.

૧૩) દાન ધર્મનો નિયમ જાળવી રાખવો. કોઈની શુભેચ્છા, દુઆ આપણને મદદ કરે છે.

૧૪) ઘણા બધા ધોરણમાં ૨૦ + ૮૦ Marks ની Exam હોય છે. ૮૦ marks લેખિતના, ૨૦ Marks સ્કૂલ કોલેજના હોય છે. જેમાં નોટના, પ્રોજેક્ટના, પ્રેક્ટિકલ્સના, ઓરલ એકઝામના, હાજરીના, વર્તણૂકના, સારા અક્ષર માટે શ્રુતિ લેખનના વગેરેના હોય છે. ઓરલ એક્ઝામમાં આખા ક્લાસ સામે ઉભા રહી જે વિષય કહે તેના ઉપર બોલવાનું હોય છે. આમાં બાળક ભાંગી ન પડે તે માટે ઘરે પ્રેક્ટિસ કરાવવી. વિષયો ઉપર

તૈયારી કરી, મોઢે કરી, અરિસાની સામે બાળકને ઉભો રાખી બોલવાની પ્રેક્ટિસ કરાવવી. વર્ગના ઘોંઘાટમાં મોટેથી કેમ બોલાય ? આત્મવિશ્વાસ સાથે ચહેરો કેવો સુંદર દેખાય છે તે સભાન પણે બાળકને સમજાવવું.

૧૫) વિદ્યાર્થીઓએ ક્યારેય બહારથી પૈસા દ્વારા કે મફતમાં પ્રશ્નપત્રો ખરીદવા નહીં, લેવા નહીં અને કોઈની બિછાવેલી જાળ કે રેકેટમાં ફસાવવું નહીં.

૧૬) ક્યારેક ઘરમાં અથવા શિક્ષક દ્વારા તમને કોઈ નેગેટીવ શબ્દો, વાક્યો કહે જેવા કે તું ડોબો છે, ઢ, મૂરખો વગેરે કહે તો તરતજ એક કાને સાંભળેલું બીજા કાને કાઢી નાખવું. મનમાં પોઝિટીવ વાક્ય બોલી જવા, જેવા કે હું હોશિયાર છું. હું પણ ચોક્કસ આ સમજી શકીશ, પ્રાપ્ત કરી શકીશ વગેરે.

૧૭) ક્યારે પણ ડરી જઈને કે ગભરાઈ જઈને આપઘાત કરવાનો વિચાર કરવો નહી. આવા સમયે મા-બાપ, વડીલો, મિત્રો સાથે વાતચીત શરૂ કરી દેવી, હળવું મળવું આ જીંદગી અણમોલ છે. ઈશ્વરે દરેક મનુષ્યમાં કોઈને કોઈ છૂપી શક્તિ આપી જ હોય છે. માટે આપણામાં રહેલી આવી શક્તિને આપણી ગમતી બાબતમાં કે આપણી હોબી વિકસાવી કેરિયર બનાવી શકાય. ઘણા વિકલ્પો ખુલ્લા છે. એનો સ્વીકાર કરો.

**આપણી વેબસાઈટ :**

**WWW.balasinor.org ના માધ્યમથી તમે પણ Help કરી શકો.**

આપણી જાતના સર્વ શિક્ષકો, શૈક્ષણિક પ્રવૃત્તિમાં રસ ધરાવનારા તેમજ હોંશિયાર વિદ્યાર્થીઓ વર્ષોના અનુભવના આધારે આ વખની Examમાં કેવા પ્રશ્નો પૂછાઈ શકે તે આપણી વેબસાઈટ પર ધોરણ, વિષયનો ઉલ્લેખ કરી મૂકી શકે. IMP પ્રશ્ન, પ્રશ્ન ઉત્તર બંને મૂકીને વિદ્યાર્થીઓને મદદ કરી શકે.

વિદ્યાર્થી પણ સામે ન સમજાતા સવાલ, થિયરી, પૂછી શકે. પરીક્ષાની આગલી રાત્રે અચાનક ન સમજાતો ન આવડતો સવાલ વિદ્યાર્થી પૂછી શકે અને સવાર સુધીમાં અનેક જગ્યાએથી આપણા લોકો દ્વારા તેનો જવાબ મળી જાય.

ભવિષ્યમાં ધોરણો પ્રમાણે આપણા જ શિક્ષકોની પેનલ તૈયાર કરી શકાય અને વેબસાઈટનો જબરજસ્ત લાભ ઉઠાવી શકાય.

## જાગ્રત શિક્ષણ સંસ્થા અને યોગ:

સ્વસ્થ શરીર અને મન એકાગ્રતાપૂર્વકના વિદ્યાભ્યાસમાં મહત્વનો ભાગ ભજવે છે. બાલભારતી સ્કૂલ-કોલેજ (કાંદિવલી)ના પ્રમુખ શ્રી હેમાંગભાઈ તન્ના તથા મેડમ શ્રીમતી બીનાબેન ચૌહાણના નેજા હેઠળ કોલેજમાં યોગ-શિબિર યોજાઈ હતી. હેમાંગભાઈની ખાસ ઈચ્છા હતી કે પરીક્ષા પહેલાં જ HSC બોર્ડ તેમજ 11th સ્ટાન્ડર્ડના વિદ્યાર્થીઓ યોગવિદ્યા શીખી જાય. વાંચેલું કેવી રીતે યાદ રાખવું ? પરીક્ષાનો ડર કેવી રીતે દૂર કરવો ? જેવી બાબતો સાંકળી લઈ અમારી સંસ્થા વાત્સલ્ય યોગ દર્શન દ્વારા સાત સાત દિવસ બે બેચમાં દરેક સ્ટાન્ડર્ડના ૯૦ વિદ્યાર્થીઓ માટે યોગશિબિર યોજી પ્રાર્થના, પ્રાણાયમ, ધ્યાન, યોગાસન, યૌગિક ક્રિયાઓ દ્વારા અમે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો. અમારી સંસ્થાના પ્રમુખશ્રી ભીખુભાઈ મિસ્ત્રી તથા મારી ધર્મપત્ની હેમાએ ખાસ જહેમત ઉઠાવી યોગ શિખવામાં મદદ કરી. સર્વ વિદ્યાર્થીઓનો સુંદર સહકાર, ગરિમાપૂર્ણ અભ્યાસ અને અભ્યાસબાદના લેખિત પ્રતિસાદને અમે પરમ કૃપાળુ પરમાત્માની કૃપા માનીએ છીએ.

## ભાવના મેડમના સુવર્ણ સૂચનોઃ

ભાવના મેડમ 8th, 9th, Ssc. તથા CBSE Board ના વિદ્યાર્થીઓ માટે ના કલાસીસ ચલાવે છે. કોલેજ સ્ટુડન્ટ્સના ટયુશન્સ લે છે. તેઓ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવે છે...

૧) વાંચવા માટે ખાસ કહેવાનું કે કલ સે આજ આજ કરે સો અભી.

૨) રાત્રે સમયસર સૂઈ સવારે વહેલા ઉઠી ને વાંચવાનું રાખો સૂર્યના કિરણોથી તમારી યાદ શક્તિ વધુ તેજ બનશે.

૩) Text Book ખાસ વાંચો મુખ્ય લાઈન, Under Line કરો જેથી Exam વખતે ઉપથી વાંચી જાવ તો પણ આખું યાદ આવી જાય.

૪) જેમાં સમજણ ન પડી કે Confuse હોવ તો તરતજ શિક્ષકને મળો, સમજો અને પછી તે પાછું ઘરે Practies કરો.

૫) પરીક્ષાના ડર થી ભાગો નહીં. છેલ્લે ટાઈમે ન આવડતા પ્રશ્ન તરફ ધ્યાન ન આપો. જે આવડે છે તેમાં બરાબર લખીને આવશો તો પણ સફળતા મળશે.

૬) Relax, એક પરીક્ષા બરાબર ન ગઈ હોય કે પેપરમાં તમને ડર લાગતો હોય તો ભૂલી જાવ એના પછી આવવા વાળી પરીક્ષા બગાડશો નહીં. મહેનત કરો અને ખૂબ વાંચો જેથી આગળના ટકામાં કવર થઈ જાય.

૭) વિશ્વાસઃ તમારે ક્યાં પહોંચવું છે એ તમારે વાંચવાનું ચાલુ કરતા પહેલા જ નક્કી કરી લેવાનું. ત્યાં સુધી પહોંચવા મહેનત પણ તમારે જ કરવી પડશે. તમારા પર વિશ્વાસ રાખો.

૮) દિવસમાં Maths, અને Hindi, Marathi એક કલાક રોજ કરો.

**વાંચવા માટેનું ટાઈમ ટેબલ S.S.S. / C.B.S.E. Board ના વિદ્યાર્થીઓ માટે (વિષય બદલતા જવા)**

**સવારના**

| | | | |
|---|---|---|---|
| 5.30 | to | 06.30 | Maths |
| 6.45 | to | 09.00 | History or Geo.. |
| 9.00 | to | 10.00 | Brakfast & Bath |
| 10.00 | to | 01.00 | Sic. |
| 1.00 | to | 02.00 | Lunch/Break |
| 2.00 | to | 04.00 | Maths |
| 4.00 | to | 05.00 | Outing / Mobile |
| 5.00 | to | 08.00 | History Geo. |
| 8.00 | to | 09.00 | Dinner / Break T.v. |
| 9.00 | to | 11.30 | Study |
| 11.30 | to | 5.30 | Sleep Well |

સર્વ વિદ્યાર્થીઓને સર્વ સંસ્થા તરફથી

**"Best of Luck"**

# અદશ્ય શક્તિ ધરાવતું દૈવી તત્વ .. નારી

આજના આ જગતમાં નારીનો મહિમા મોટો છે. નારીએ દૈવી તત્વ છે. તે આસુરી તત્વોને હણનારી છે. જે ઘરમાં નારી પૂજાય છે તે ઘર ઘર નહી પણ મંદિર બની જાય છે. નારી નારાયણી છે તેમાં ય આ ભારતની ભૂમિ જ સતિ સુરાને સંતની બનેલી છે. એટલે આપણે શક્તિની કૃપાથી ઉત્પન્ન થયેલા છીએ. તેથીજ બીજા સમાજ કરતા આપણે સ્ત્રી સન્માનમાં વધારે ને વધારે માનીએ છીએ. દહેજ પ્રથા, બાળ લગ્ન, ભ્રૂણ હત્યા, વગેરે વગેર દૂષણો આપણા આજના આ સમાજમાં ઓછા છે ? પહેલા બાળકી જન્મતા વેંત દૂધપીતી કરવા જેવા દુષણોને આપણા વડીલોના સમજાવટથી બંધ કરાયા હતા. નારી દીકરી રૂપે, માતારૂપે, બેન રૂપે યા પત્ની રૂપે કોઈ પણ રૂપે નારી આ મહાન છે. માં રૂપે તે મધર ટેરેસા બની વાત્સલ્ય વરસાવી શકે છે તો ભાર્યારૂપે અર્ધાગિની બની સમાજીક ક્ષેત્રે આર્થિખ ક્ષેત્રે કે ગૃહ સંભાળમાં પુરુષ સમોવડી બની રહે છે. નાના ભાંડરૂઓની ઢાલ બની સંભાળ રાખતી બેની રૂપે તો ભાવિગની એકલતામાં શાતિનો ધોધ દીકરી સિવાય કોણ વહાવી શકે. નારી એટલે દેવી દેવોએ પણ તેનો પ્રસન્ન કરવા કેટલીય સ્તુતિ પ્રાર્થના કરેલ છે. તે સર્વ ગુણોમાં, આવડતમાં સદા અગ્રેસર છે. સક્ષિપ્તમાં જોઈએ તો સીતાની સહનશીલતા, ઉર્મિલાનું સમર્પણ સાવિત્રીનું સતીત્વ, ત્યાગમૂર્તિ મીરાબાઈ, શૌર્યમૂર્તિ લક્ષ્મીબાઈ, નિર્ભયતામાં ૧૪ વરસની ચારણ કન્યા, આતિથ્યમાં ચંગાવતી રાણી, ક્ષમાભાવનામાં દ્રૌપદી, આત્મસુજમાં અનસૂયા, નજાકતમાં હોથલ, રાજભક્તિમાં છ છ પુત્રોનું બલિદાન દેનાર કકલભીલ્લની પત્ની, પ્રેમ દિવાની રાધા, સાદગીમાં કસ્તૂરબા, દિર્ઘદ્રષ્ટીમાં ઈંદિરા ગાંધી, આત્માશક્તિમાં હેલન કેલર વગેરે વગેરે આપણી નજર સમક્ષ આવ્યા વગર રહેતા નથી. આજે આપણા સમાજમાં પણ એવી કેટલીય બહેનો છે કે જેણે એકલે હાથે ઝઝૂમીને કે પતિના ખભે ખભો મિલાવી આર્થિક ઉપાર્જનમાં કે વિષમભરી વિટંબણામાં પરિસ્થિતિનો હસતા મોઢે સામનો કરેલ છે. આજના ભૌતિકવાદી યુગમાં જે કોઈ નારી શક્તિની કિંમત આંકવામાં ઊણપ દાખવે છે તેના પોતામાંજ ઊણપ છે. નારી અર્થાત સ્ત્રી વિના આજનો નર અધુરો છે. યજ્ઞ, યાજ્ઞ કે કથા કિર્તન વગેરે વગેરેમાં સજોડેનો મહિમા પુરાણ કાળથી મોટો છે. નારી પતિનો આત્મા છે. પુરુષ જે કામ કરે છે તે સ્ત્રી પુરુષ સમોવડી બની કોઈપણ ક્ષેત્રે જેવો કે આરોગ્ય, શિક્ષણ, રમત ગમત, પર્વતા રોહણ યા યુધ્ધના ક્ષેત્રે હાલમાં તો અવકાશમાં આપણા ભારતની કલ્પના ચાવલા આજની આ નારી પુરુષ સમોવડી બની કરી શકે છે. માથે આવે ત્યારે નારી ગભરૂ હરણી મટી વિકરાળ વાઘણ બનતા અચકાતી નથી.

માના પેટે જન્મ લેવો દેવો પણ અધિરા છે. એટલે જ કે કંઈ પણ સુંદર છે. મહાન છે મંગળ છે પવિત્ર છે એટલે કે પ્રભુ પાસે લઈ જવાવાળું છે તે બધું જ પુરુષ કરતા સ્ત્રી સવાયું કરી શકશે. નારી જેને પ્રેમ કરશે તેને સર્વસ્વ અર્પણ કરવાની તેનામા પૂર્ણ શક્તિ છે. સુખઃદુખમાં ભાગ લેવાવાળી આસુ લુછવાવાળી સદા સુખ દુઃખમાં ખભેખભો મિલાવી જીવનનો રથ હાંકનારી નારી વિના નર સદા અધુરો છે. નારીના લીધેજ સંસાર ઉત્કષ્ટ ચાલે છે આજનો આ

નારીનાં દર્શન, આંસુ, મહિમા, વિનમ્રતા, સમજ મોટા મોટા મહારથીઓને મહાત કરે છે એની કરુણા ભલભલાને હરાવી દે છે. નારીના બધા ગુણો યોગ્ય જગ્યાએ વપરાય તો તે દૈવી તત્વ જ છે.

**ઓ આજની નારીઓ વંદન છે મારા તમોને**

નિહાળું માતા તુજમાં,
નિહાળું પત્ની તુજમાં,
નિહાળું બેન, દીકરી તુજમાં,
વંદન છે મારા તમોને સર્વ રૂપમાં,
ઓ નારીઓ વંદન છે મારા તમોને સર્વ રૂપમાં,
નિહાળું અપાર શક્તિ તુજમાં,
નિહાળું સ્નેહ દેનાર તુજમાં,
વંદન છે મારા તમોને સર્વ રૂપમાં,
ઓ નારીઓ વંદન છે મારા તમોનો સર્વ રૂપમાં,
નિહાળું ક્ષમાનો ભંડાર તુજમાં,
નિહાળું દયાનો ખજાનો તુજમાં,
નિહાળું પરિવારનો આધાર તુજમાં,
વંદન છે મારા તમોને સર્વ રૂપમાં
ઓ નારીઓ વંદન છે મારા તમોને સર્વ રૂપમાં,
નર જાતિએ પદ નીચું દીધું તો ક્ષમા કરજે
અપમાનો ઘણા સહન કરવા પડયા તો ક્ષમા કરજે,
હવે એકતાના ત્રાજવે, અભિમાન ના લાવજે,
વંદન છે મારા તમોને સર્વ રૂપમાં ઓ નારીઓ

**- કવિતા નયન કડકીઆ.**


**સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લિ.**

**મુંબઈ સ્થિત બાલાસિનોરવાસીઓને નમ્ર વિનંતી KYC ફરજીયાત છે. તો વહેલામાં વહેલી તકે આપણા પુરાવા રૂપે ચૂટણી કાર્ડ/ પેન કાર્ડ/ બે ફોટા રહેઠાણનું પુરાવો સાથે સહયોગ બેંકમાં સંપર્ક કરવો. લી. ચેરમેનશ્રી**


# દાંત અને જીભ

જીભ માણસને અમર બનાવી દે છે
દાંત ફક્ત મુખની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.
બત્રીસે દાંત કામના હોય છે
જ્યારે બોલવા ફક્ત જીભનું ટેરવું જ ઉપયોગી છે
દાંત જીભનું રક્ષણ કરે છે.
જીભ દાંતમાં ભરાયેલ કચરો સાફ કરી શકે છે.
દાંત સડી શકે છે જ્યારે જીભ આ જીવન તેવી જ રહે છે.
દાંત માંથી લોહી નીકળી શકે છે.
જીભ લાળ પેદા કરી શકે છે.
જીભ ગાળ કે અસહ્ય - બિભસ્ત બોલતા
દાંતને મુક્કો કે માર સહન કરવો પડે છે.
જીભનો આકાર દુનિયામાં દરેક માનવીનો સરખો જ હોય છે.
બત્રીસે દાંતમાં કોઈ પણ બે સરખા દાંત નથી હોતા.
જીભયા સ્વાદની ગેલછાથી અનેક રોગો ઉત્પન થાય છે
નિયમીત દાંતની કાળજી ન લેતાં મૃત્યુ પણ ઉપજી શકે છે.
દાંતની પીડા અસહ્ય થઈ શકે છે.
જીભ બીચારી સ્થિત પ્રજ્ઞ હોય છે.
જીભના સ્વાદની ગેલછાથી જગતમાં હોટલ ઈન્ડસ્ટ્રીસ ચાલે છે.
દાંતના અનેક રોગોથી ડેન્ટીસ્ટોને કમાવવા સાધન મળે છે.
દાંત રોજ સવાર સાંજ સફાઈની સારવાર માંગે છે.
જીભ આજીવન કોઈ સારવાર કે ખર્ચ કરાવતી નથી.
દાંત નીકળે કે તૂટે તો બદલી શકાય છે.
જીભ તો બીચારી લાઈફ મેમ્બર છે.
જીભ પોતાના ક્ષેત્રની બહાર જાય તો દાંત કાપો કરી અટકાવે છે.
જીભ સૌમ્ય છે કદાપી દાંતને નુકશાન પહોંચાડતી નથી
દાંત અતિશય ઠંડા કે ગરમ પીણા કે પદાર્થને સહન કરી લે છે.
જીભ અતિશય ઠંડા કે ગરમ પીણા કે પદાર્થને થૂ-થૂ કરી ફેંકી દે છે.

**- શૈલેષ કી. દેસાઇ (ભારત કોર્પોરેશન)**

# એક ઉપદેશ

## જીવનના પડકારોનો સામનો કેમ કરવો એ સમજાવતી એક વાત ...

વેદવ્યાસજીએ મહાભારતમા બહુ સરસ પ્રસંગનું વર્ણાન કરેલ છે. એકવાર કૃષ્ણ, બલરામ અને સાત્યકી (સાત્યકી દ્વારકાનો બહુ મોટો યોદ્ધો હતો) જંગલમાં ફરવા માટે ગયા. સાંજે પડવા આવી અને રસ્તો ભુલી ગયા. કૃષ્ણે કહયું કે આપણે જંગલમાં જ રાતવાસો કરીએ અને સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિ જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સુતેલાની રક્ષા કરે.

પ્રથમ સાત્યકીનો જાગવાનો વારો હતો. એ સમયે બ્રહ્મરાક્ષસ આવ્યો સાત્યકીએ એની સાથે લડાઈ શરૂ કરી. સાત્યકી બ્રહ્મરાક્ષને બરોબરની ફાઈટ આપતો હતો આ લડાઈમાં જ્યારે સાત્યકીને વાગે એટલે એ દર્દની ચીસ પાડે એનું પરિણામ એ આવે કે સાત્યકીની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી આવનારા મુક્કાની તાકાત વધી જાય.

સાત્યકીનો જાગવાનો સમય પુરો થયો એટલે એમણે તુરંત જ બલરામને જગાડયા. હવે બલરામે આ રાક્ષસ સામેની લડાઈ ચાલુ કરી પરંતુ જે સાત્યકીએ કર્યું એવું જ બલરામે કર્યું. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને પેલા બ્રહ્મરાક્ષનું કદ મોટું થાય. એમનો સમય પૂરો થયો એટલે એમણે કૃષ્ણને જગાડયા.

કૃષ્ણએ બ્રહ્મરાક્ષસને સાથેની આ લડાઈમાં નવી વ્યુરચના અપનાવી. પોતાને જ્યારે તક મળે ત્યારે પેલા રાક્ષસને બરાબરનો મારી લે અને રાક્ષસ મારે તો સામે જોઈને ખડખડાટ હસે, એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષનું કદ નાનું થવા લાગ્યું અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાની પુતળી જેવું થઈ ગયુ. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પુતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો.

મહાભારતના આ પ્રસંગ દ્વારા વ્યાસજી જીવનનો બહુ જ મોટો સંદેશો આપી જાય છે. આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ રૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડયા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે. ખલાસ કરી દે. પરંતુ જો આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પુતળી જેવું થઈ જાય અને આપણે એને મારી શકીએ. **– અમી જીગ્નેશ પરીખ**

## આયનો

હું ઉભો દર્પણની સામે,
મારી ઓળખ આપવો,
એક ખોળીયા રૂપી દેહમાં
રૂદયના ધબકારા થકી,
દિપકનું તેજ પ્રકાશે છે !
કલમને વય સાથે લાગે ઘણું,
જરજરીત આ દેહ,
ઘટતું દિપકનું તેજ,
અને તેનો પ્રકાશ,
તેજ સમુ, આ લખાણ,
અસ્તિત્વની, નિશાનીની યાદ આપશે !
એક દિપક, એક દિ,
આ ખોળીયાને
લપેટીને રાખમાં, પલટાવી નાખશે !
હા, પણ યાદ રૂપી તેનું લખાણ,
સુગંધ રૂપી મહેકતું રહેશે !

**– ચાંદશા – ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત
# મહિલા વિભાગ

પીકનીકનો કાર્યક્રમ તા. ૮-૧-૨૦૧૪ના રોજ 'રોયલ હીલ્સ રીસૉર્ટ' ખાતે આયોજન કરવામાં આવ્યો હતો. એક બસ મુંબઈથી અને એક બસ બોરીવલીથી ઉપાડવામાં આવી હતી. બે બસમાં ૭૭ બહેનોએ ભાગ લીધો હતો.

પીકનીક માટે રૂા. ૧૫,૦૦૦/-નું ડોનેશન શ્રીમતી ગીતા જયકુમાર મહેતા તરફથી મળ્યુ હતુ. તેમનો તેમજ તેમના કુટુંબીજનોનો મહિલા વિભાગ આભાર માને છે. બસમાં બહેનોને નાસ્તો તેમજ સાંજના ગીફ્ટ ગીતાબેન તરફથી બધી બહેનોને આપવામાં આવી હતી.

"Lagoon water Park' માં પાણીમાં ખૂબ ઉત્સાહથી મોટા પ્રમાણમાં બહેનોએ આનંદ માણ્યો હતો. પીકનીકમાં ગેમ્સ રમાડવામાં આવી હતી. તેમાં દુલ્હન સજાવવાની ગેમ, થર્મોકોલમાંથી Ornaments બનાવવાની ગેમ, ભેગા કરેલા કઠોળને છુટુ પાડવાની ગેમ તેમજ હાઉસીની ગેમમાં બધી બહેનોએ ભાગ લઈ મજા માણી હતી.

પીકનીકમાં આવો સાથ સહકાર આપવા બદલ બધી બહેનોનો તેમજ હાજર રહેલા કમીટી બહેનોનો આભાર સાંજના ૬.૩૦ વાગે નાસ્તો કરીને બધી બહેનોએ બસમાં બોરીવલી તેમજ મુંબઈ તરફ પ્રયાણ કર્યું હતું.

**- સંયોજક : પ્રતિમા કિરીટ ધારીઆ**

૯૮૨૦૧૫૨૬૪૪, ૨૩૦૦૪૭૦૧, ૬૬૫૭૬૩૧૨

## કાળા કાનજી

કાળા કાનજીમાં મારુ મન મોહ્યુ
ઠુમક ઠુમક ચાલે પેલો
નંદજીનો લાલો (૨)
માખણ મીશ્રીમાં મોહ્યો,
જશોદાનો જાયો.
રાસ રમાડે પેલો
ગોપીઓનો પ્યારો,
ગોપીઓની ગોળી ફોડે
રાધાનો પ્યારો,
કદમની ડાળે બેઠો,
વાસુદેવનો પ્યારો,
ચીર હરંતો પેલો
દેવકીનો લાલો
દાણ માંગીને એતો
થાય છે લુંટારો
વ્રજ ભુમીમાં બેઠો
કાનજી રૂપાળો
ગીરધર ગોપાલ બન્યો
વ્રજનો રખવાળો ...

## વિસામો

મારે વિસામો લેવાનો છે વારો,
હું કરગરીને માગું,
મારી જીવનની કિતાબ છે ભારી,
એને હલકી કરવાની વારી,
તેમા સાચા ખોટાની છે યાદી
તારા ત્રાજવામાં છે તેની ચાવી
સુખ દુઃખની છે તેમા યાદી
સમજીને આપજે ચાવી
જ્યારે ખોલીએ તો આનંદની પ્યાલી
મોહ માયાના બંધન ભારી,
છોડવાજે જલ્દીને આવી.

**- સરલાબેન દેડકી**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1450.00 | 179.00 | 1629.00 |
| 2 | Tally. ERP9 | 2400.00 | 297.00 | 2697.00 |
| 3 | Kids Course | 1350.00 | 167.00 | 1517.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 14500.00 | 1792.00 | 16292.00 |
| 9 | G-TECH | 55000.00 | 6798.00 | 61798.00 |
| 10 | Smart IT Professional | 37500.00 | 4635.00 | 42135.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 1800.00 | 222.00 | 2022.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 3500.00 | 433.00 | 3933.00 |
| 18 | Programming in SQL | 3500.00 | 433.00 | 3933.00 |
| 19 | Programming In. NET Technologies | 27000.00 | 3337.00 | 30337.00 |
| 20 | Programming In PHP | 8500.00 | 1051.00 | 9551.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ (નારાયણ ધ્રુવ સ્ટ્રીટ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**શ્રી ગોકુલેશો જયતિ**

બાલાસિનોરના દશાનિમા વૈષ્ણવો જોગ,

# શ્રી ફગવા ઉત્સવ

સહુ ઉત્સવનો ઉત્સવ એવો 'શ્રી ફગવાનો ઉત્સવ' દર વર્ષની જેમ રંગે ચંગે ઉજવવાનું આયોજન શ્રી ગોકુલેશ સમાજે કર્યું છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૦ના ફાગણ સુદ એકમને રવિવાર તા. ૨-૩-૨૦૧૪ના શુભ દિવસે ધામધૂમથી ઉજવવામાં આવશે.

## ઉત્સવના મનોરથી

આ ઉત્સવના મનોરથી બનવાનું સદ્‌ભાગ્ય પ.ભ.શ્રી. સંજય ચંદ્રકાંત મોદી તથા શ્રી સમીર ચંદ્રકાંત મોદી (પેપરવાળા)ને સાંપડયું છે. મો. ૯૩૨૩૧૫૨૧૫૯, ૯૮૨૦૦૫૭૫૮૧

## ઉત્સવનો કાર્યક્રમ

તા. ૨-૩-૨૦૧૪ને રવિવારે સવારે ૮.૦૦ કલાકે સમાજની કિર્તનીયા મંડળી મનોરથીના નિવાસસ્થાન ૪૦૩, તથા ૩૦૩, યશ એપાર્ટમેન્ટ, એ-વિંગ, વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪, મુકામે રસીયાની રમઝટ બોલાવશે.

## કળશનો વરઘોડો

તેજ દિવસે ૧૦.૩૦ કલાકે સત્સંગ મંડળની રૂમ, અમૃતવાડી, વી.પી.રોડ, મુંબઈથી શોભાયાત્રા નીકળી સી.પી.ટેંક, માધવબાગમાં જશે.

માધવબાગમાં ભક્તિ રસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બપોરે ૧૨ (બાર) કલાકે મનોરથીનું સન્માન કરવામાં આવશે.

## ફગવાનો મનોરથ - પ્રસાદ લેવાનો આમંત્રણ

આથી બાલાસિનોર મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વે દશાનિમા વૈષ્ણવો તેમજ આમંત્રીત ભાઈઓને સહકુટુંબ, સહપરિવાર માધવબાગમાં બપોરે ૧૨ (બાર) કલાકે પ્રસાદ લેવા પધારવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે. આ દરેક અવસરે આપ મોટી સંખ્યામાં પધારી પ્રસંગને દીપાવશો એવી આશા સાથે.

ફરી ફરીને પ્રસાદ લેવા આવવા દરેકને વિનંતી છે.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**પ્રમુખ : શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)** **મંત્રી : શ્રી મંજુલ શૈલેષભાઈ ધારીઆ**

**તેમજ મનોરથી**

**શ્રી ચંદ્રકાંત ચીમનલાલ મોદી (પેપરવાળા)**

**હસ્તે : શ્રી સંજય ચંદ્રકાંત મોદી અને અ.સૌ.સંગીતા સંજય મોદી**

**શ્રી સમીર ચંદ્રકાંત મોદી અને અ.સૌ. સેજલ સમીર મોદી**

**નીરાલી, રાહુલકુમાર, દર્શિત, મોનિલ તથા સમસ્ત મોદી પરિવારના જેજે શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

## કેન્સર નિવારણ કેમ્પ

પ્રિય મિત્રો,

તા. ૮-૯-૨૦૧૩ને રોજ વાડાસિનોર મેડિકલ સેન્ટર દ્વારા યોજાયેલ ગવર્નીંગ કાઉન્સીલની મિટીંગમાં આપણા જ્ઞાતિજનોના લાભાર્થે કેન્સર Detection & Prevention Camp નું આયોજન સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. હાજર રહેલ વડીલોના સૂચનોને ધ્યાનમાં રાખતા તથા પરાવાસીઓના લાભાર્થે એક Cancer awarness seminar નું આયોજન મુંબઈ ઉપરાંત પરાખાતે (બોરીવલી / કાંદિવલી) રાખવાની અમે પહેલ કરી છે. આ બંને સેમિનારનું આયોજન રવિવારે સવારે અનુક્રમે તા. ૨૩-૩-૨૦૧૪ અને ૩૦-૩-૨૦૧૪ રાખેલ છે. જેમાં Tata Hospital ના અનુભવી નિષ્ણાત oncologists આપણને વિવિધ અંગોના કેન્સરને થતો અટકાવવા (Prevention) તેનું સચોટ નિદાન કરવા (detection) તથા જરૂર પડે તેની સારવાર કરી (treatment) સામાન્ય જીવન તરફ વળવાનું જ્ઞાન પ્રદાન કરી, હાજર શ્રોતાગણની અંગત શંકાઓનું પણ સમાધાન કરશે. તેમજ આપસૌનો સમય બચવવા, સેમિનાર પછી Registration Form ભરવાની તથા નાસ્તા પાણીની સુવિધા રાખેલ છે. તદ્ઉપરાંત કેમ્પ પછી જરૂરતમંદોને ટાટા હોસ્પીટલમાં Follow up testing માટે પણ સગવડ કરેલ છે. ભૂતકાળમાં આપણા મેડિકલ સેન્ટર હેઠળ, Tata Hop. સાથે થયેલ કેમ્પમાં આપણી જ્ઞાતિના ૩ સ્વજનોને સમયસર સચેત કરી ખૂબ સંતોષ પ્રાપ્ત થયેલ છે.

ઈશ્વરકૃપાથી આપણા મેડિ. સેન્ટરને દર વર્ષે Clinical Camp માટે ઉદારદિલ દાતાઓનો અમૂલ્ય સહકાર સાંપડ્યો છે. મેડિકલ ટ્રસ્ટની કાર્યશૈલી અને ધ્યેય આપણા સમાજ અને જ્ઞાતિજનોને મદદરૂપ બને એ હેતુસર, પ્રત્યેક વર્ષની પરંપરા હેઠળ ઉપસ્થિત દાતાનું શાલ, મોમેન્ટો વિ. અર્પણ કરી સન્માન કરી સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવશે.

આશા વ્યક્ત કરીએ છીએ કે આ અપીલને નિઃસ્વાર્થ દાતાઓ ત્વરિત પ્રતિસાદ આપી, ફૂલ નહીં તો ફૂલની પાંખડી બનીને જ્ઞાતિજનોના શારીરિક સ્વાસ્થ્ય માટે સહકાર આપશે.

## મફત મોતિયા બિંદુ

**બાલાસિનોર મેડિકલ સેન્ટરને શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા એક આંખના Cataract ઓપરેશનનું ફ્રી કાર્ડ પ્રાપ્ત થયેલ છે ફક્ત જરૂરિયાતમંદ વ્યક્તિ વિગતવાર તપાસણી પછી આ ફ્રી શસ્ત્રક્રિયાનો લાભ લઈ શકશે.**

**શ્રી વાડાસિનોર દશાનીમા**

**નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**

**સંપર્ક : શ્રીમતી કીન્નરીબેન અક્ષય શાહ (સેવક)**

**મોબાઈલ : ૯૮૨૧૭૮૯૬૫૯**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

**ઉપરોક્ત ટ્રસ્ટને શ્રી કીર્તિભાઈ નટવરલાલ દેસાઈ (દેડકી) હસ્તે શર્મિષ્ઠાબેન કીર્તીભાઈ દેસાઈ (દેડકી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- રૂા. એક લાખ પુરાનું માતબર દાન પ્રાપ્ત થયું છે. મેડીકલ ટ્રસ્ટ દાતાનાં કુટુંબીજનોનો આભાર માને છે.**

**પ્રમુખ : શ્રી દક્ષેષ બા. કડકીઆ (લટકારી)**

## SHREE BALSINOR NAVYUVAK SANGH - LALKHA TROPHY 2013-14

The 15 Players Bns Squad To Play The Lalkha Trophy In Balasinor From 6th Feb - 9th Feb Will Be As Below :

Nirav Desai (cap), Shiten Kadakia (v.c.), Chirag Desai (25), Daxit Gandhi, Kinjal Parikh(w.k.), Sahil Desai, Jigar Parikh, Apurv Dharia, Sanil Desai, Samir.r.desai, Tejas Shah (w.k.), Rohan Dharia, Rohan Desai, Vishal Jariwala, Ripal Parikh.

The matches to be played are as follows :

| DATES | AGAINST | DATES | AGAINST |
|---|---|---|---|
| 06-Feb | COLLEGE TEAM | 07-Feb | SARVODAYA TEAM |
| 08-Feb | BABI XI | 09-Feb | TOWN TEAM |

**SECRETARY - BHAVESH MODI** **CONVENOR - CHIRAG PARIKH**

**SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS**

## M.H.DHARIA BPL T20 2013-14

Opening Ceremony of M.H.DHARIA BPL T20 will be held on 16th feb at Central Railway Stadium, Lower Parel at 8.00 am. Everyone is requested to come cheer their respective teams.

Rest of the dates for round robin matches are as follows :

**Sat 22ndfeb, Sun 23rd Feb, Sat 01st March, Sun 02nd March, Sat 15th March,**

Grand Finals Will Be Held On Sunday 16th March.

**SECRETARY - BHAVESH MODI** **CONVENOR - CHIRAG PARIKH**

# VADASINOR PRAGATI SAMAJ

# CO-OPERATIVE CREDIT SOCIETY LTD.

Dt. 11th Feb 2014

## Notice of Special General Meeting

Notive is here by given that, a Special General Body Meeting, of the Share Holders, of Vadasionr Pragati Samaj Co-op. Cradit Society Ltd. Will be held on, **Wednesday, 26th of February' 2014 at 6.30 p.m. at "Smt. Subhadraben Navinchandra Shah (Calcuttawala) meeting hall"** its registered office to transact the business as per agenda.

## Agenda

1. To adopt the new Bye-laws of Co-Op. Cradit Society-2013, approved by the Govt.

**By order of Managing Committee**
**Sd/- Prafulbhai C. Shah - Chairman**

**Note :** In case of want of quorum, the meeting shall stand adjourned and an adjourned meeting will take place, after half an hour, at the same venue, irrespective of quorum, to transact the business as per the agenda.

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ બાલાસિનોર

## વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

**સમાજનાં દાતાશ્રીઓને અપીલ**

બદલાતાં સમયની સાથોસાથ શૈક્ષણિક ખર્ચ પણ કુદકે ને ભુસકે વધી ભલભલાં ને નાહિંમત કરી રહ્યો છે.આવાં કપરા સંજોગોમાં, કેટલાંય ઉત્સાહી વિદ્યાર્થીઓની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં વિદ્યોત્તેજક મંડળ/ટ્રસ્ટને પણ ખેંચ વર્તાય છે. સમાજનો કોઇપણ વિદ્યાર્થી આર્થિક સંકડાશ ને કારણે ભણતરમાં અગવડ ના ભોગવે એ હેતુને વરેલ વિદ્યોત્તેજક મંડળ/ટ્રસ્ટ તેથીજ સમાજનાં દાતાઓ સમક્ષ ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ રજુ કરે છે અને આશા વ્યક્ત કરે છે, કે સમાજનાં ઉદાર દિલ દાતાઓ હંમેશ માફક દાન નાં પ્રતિસાદ વડે આ યોજનાઓ ને અપનાવી લેશે. નીચે મુજબ યોજના ઓ માટે દાતા/ પુરસ્કરતા આવકાર્ય છે.

૧. કન્યા શિક્ષણ યોજના - **Girls' Education Scheme. ₹ 7,50,000**

૨. મેડિકલ શિક્ષણ યોજના - **Medical Education Scheme. ₹ 7,50,000**

૩. એન્જીનિયરીંગ શિક્ષણ યોજના - **Engineering Education Scheme. ₹ 7,50,000**

**માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

# શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા (ખીસાદાર) પુરસ્કૃત

# TALENT APPRECIATION SCHEME

દર વર્ષે મંડળ દ્વારા ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievements in the fields of Fine Arts, Music, Dance, Singing , Acting, Sports, Literature etc.) નજીકનાં ભૂતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું વાડસોલ ગૌરવનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવે છે. વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય કે આવી કોઇ વ્યક્તિ આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ મંડળની કારોબારી સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો. સમાજનાં તેજસ્વી સિતારાઓને પ્રકાશમાં લાવી, તેઓનેં જાહેર સન્માન દ્વારા બિરદાવવા માટે અને આપણાં સમાજનું ગૌરવ વધારવા, આપ સૌને યોગ્ય માહિતી પાઠવવા જાહેર નિમંત્રણ.

**માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ
# અનુકરણીય દાન /દાન વચન

**ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન / દાન વચન મળેલ છે.**

૧. શ્રી નીકિતા હેતન પ્રવીણચંદ્ર કડકીઆ (કુણીવાલા) તરફથી પુત્ર ચિ.કેવિન નાં લગ્ન પ્રસંગે
રૂ. ૧,૧૧,૧૧૧ (રૂ. એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર) દાન મળેલ છે.
❖ ગયા માસનાં અકમાં રૂ.૧૧,૧૧૧ ની જાહેરાત કરી હતી તેને બદલે રૂ. ૧,૧૧,૧૧૧ વાંચવું.

૨. શ્રી પરેશ બાબુલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી પુત્ર ચિ.કુણાલ નાં લગ્ન પ્રસંગે
શ્રી મણિલાલ વલ્લભદાસ કડકીઆ (વલ્લભઘેલા) નાં નામે
રૂ. ૧,૧૧,૧૧૧ (રૂ. એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર) દાન મળેલ છે.

૩. શ્રી રાજેશ શાંતિલાલ કડકીઆ તરફથી શ્રીમતિ તારાબહેન અને શ્રી શાંતિલાલ છોટાલાલ કડકીઆ નાં નામે
રૂ. ૫૦,૦૦૦ (રૂ. પચાસ હજાર ) દાન મળેલ છે.
❖ આ પહેલાં તેમનાં તરફથી રૂ.૧,૦૦,૦૦૦ ન્યાસ ફંડ પેટે તેમજ રૂ. ૪,૦૦,૦૦૦
પ્રત્યેક વર્ષે શૈક્ષણિક સહાય પેટે વાપરવા પ્રાપ્ત થયેલ છે.

૪. મંડળની સહાય લઇને અત્રે અભ્યાસ પુરો કર્યા બાદ, વધુ અભ્યાસ અર્થે અમેરિકા જઇ સ્થાયી થનાર
શ્રી જીગર નીતિન મોહનલાલ દેસાઇ (દુધવાળા) તરફથી રૂ. ૨૬,૦૦૦ (રૂ. છવ્વીસ હજાર) દાન મળેલ છે.

૫. શ્રી જીજ્ઞેષ મહેન્દ્ર લાકડાવાલા તરફથી પુત્ર ચિ.શૈવલ નાં લગ્ન પ્રસંગે રૂ. ૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ) દાન મળેલ છે.

મંડળ દાતાશ્રીઓનો અને તેમનાં પરિવારનો હૃદયપુર્વક આભાર માને છે.

મંડળની સહાય લઇને અભ્યાસ પુર્ણ કર્યા બાદ, પગભર બની સ્થાયી થનાર દરેક મિત્રોને વિશેષ વિનંતી. સમાજ પ્રત્યે નું ઋણ અદા

કરવાની આપ સૌ માટે કાયમી અવસર છે. આપ પણ હવે દાતા તરીકે આગળ આવી સમાજ નાં શૈક્ષણિક વિકાસ માં ભાગીદાર બનો .

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સભ્ય ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભ્ય પદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે સંસ્થાના ઓફીસ સમય દરમ્યાન અથવા **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કાં. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનઃ ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં. **સંયોજક - સમીર ગાંધી - મંત્રી - ભાવેશ મોદી**

# બાલાસિનોર વિદ્યા મંડળ

**(૧) સિવણ અને બ્યુટી પાર્લરના બહેનો માટેના મફત સર્ટીફીકેટ કોર્સ :** બાલાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળની સ્થાપના આપણા વડીલોએ લગભગ ૬૦ વર્ષ પૂર્વે કરી હતી. જેમાં બહેનોને સિવણનું શિક્ષણ અપાતુ હતું. છેલ્લા કેટલાક વર્ષોથી આ સંસ્થાનું કામકાજ ઠપ થઈ ગયુ હતું. આ સંસ્થાને ફરી ચેતનવંતી બનાવવા માટે ગુજરાત રાજ્ય શિક્ષણ આપવાનું નક્કી કર્યું. અને રાજ્ય સરકારને મંજુરી આપવાની દરખાસ્ત કરી. આ માટે સ્ત્રી કેળવણી મંડળનું બજાર ખાતે આવેલુ મકાન વાપરવાની પરવાનગી મંડળના હોદ્દેદારો પાસેથઈ મળી ગઈ.

ગામની બહેનો આ શિક્ષણ પામી પોતાના પગભેર થઈ શકશે. સિવણના વિવિધ કોર્સ તથા પરીક્ષા પૂર્ણ કરનારી બહેનોને આજીવિકા માટે મફત સિવણ મશીનની વ્યવસ્થા કરવામાં આવશે.

**(૨) સ્પોર્ટસ કોચશ્રી ખોખરની નિમણુંક :** આપણા સ્પોર્ટસ કોચ શ્રી ખોખરની નિમણુંક ગુજરાત સરકારે ગુજરાત રાજ્યની વોલીબોલ ટીમના કોચ તરીકે કરી છે. અને એ ટીમમાં આપણા બે વિદ્યાર્થી ની નિમણુંક થઈ છે. ગુજરાત રાજ્યની ટીમ આપણા બે વિદ્યાર્થી તથા ખોખર સાથે ઝારખંડ રાજ્યની ટીમ સાથે રમવા જવાની છે.

**(૩) યુ.જી.સી. મકાનનું બાંધકામ સરકારી ગ્રાન્ટ હેઠળ:** અત્યારના હાલના યુ.જી.સી. મકાનનું બીજા માળનું બાંધકામ તથા બાજુમાં નવા મકાનના બાંધકામ (અંદાજે ખર્ચ રૂા. ૭૦ લાખ) ની યોજના આપણા દાતાઓને ભારરૂપ થયા વગર સરકારી ગ્રાન્ટ મેળની પાર પાડવાની છે.

**(૪) સોલર ઉર્જા :** આપણા કેમ્પર્સ (૭ ૧/૨ એકર) માં સોલર ઉર્જાની વ્યવસ્થા કરી સમગ્ર શિક્ષણ સંસ્થાના વર્ગોમાં નિશુલ્ક સોલર ઉર્જા વિતરણની યોજના આગામી બે વર્ષમાં પાર પાડવાની છે.

**(૫) વિદ્યાર્થીઓનું નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ અને દવા :** આપણી કોલેજના લગભગ ૨૭૦૦ વિદ્યાર્થીઓની વ્યવસ્થા મહિનાના પ્રત્યેક શનિવારે એક કલાક માટે કરી છે. આ માટે કે.એમ.જી. હોસ્પિટલની એમ્બ્યુલન્સ, ડૉકટર, નર્સ તથા વોર્ડબોય આપણી સંસ્થામાં આપણી વિનંતીને માન આપી આવશે. આની સત્તાવાર જાહેરાત ગુજરાત રાજ્યના ટી.વી. સમાચારમાં પણ થઈ છે. હોસ્પિટલના કારોબારી સભ્યો તથા વહીવટી કર્મચારી અને ડૉકટરનો સંસ્થા ૠણ સ્વીકાર કરે છે.

**(૬) સ્પોર્ટસ ફેસીલીટીસ :** કોલેજના કમ્પાઉન્ડમાં બાસ્કેટ બોલ કોર્ટ અને વોલીબોલ કોર્ટ તૈયાર થઈ ગયા છે. લગભગ રૂા. ૬,૦૦,૦૦૦/- નો ખર્ચો સંસ્થાએ કર્યો છે. હવેના તબક્કામાં જોગીંગ ટ્રેકની યોજના તથા અદ્યતન વ્યાયામ શાળાની સ્થાપના કરવામાં આવશે.

**(૭) કોલેજ કેન્ટીન :** સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગઈ છે.

**(૮) ઓડિટોરીયમ :** રીનોવેશન હવે અમદાવાદ આર્કીટેકના મદદથી પાર પાડવામાં આવશે. સંસ્થાના કારોબારી સભ્યો સૌ દાતાઓનો પ્રત્યક્ષ - પરોક્ષ રીતે મદદગાર માટે શુભેચ્છકોનો જાહેરમાં આભાર માન્યો હતો.

---

# જાહેર નિમંત્રણ

## બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત
## કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત
## વ્યાખ્યાનમાળા

**વિષય : મનને ઓળખીએ**

**વ્યાખ્યાતા : માનનીય જ્યોતિબેન થાનકી**

(ગુજરાત શિક્ષણ વિભાગ માટે કાર્યરત અને અરવિંદ આશ્રમના આધ્યાત્મિક સાધક)

**સ્થળ :**

લાયન્સ કોમ્યુનીટી સેન્ટર, તળાવ દરવાજા, બાલાસિનોર

**સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦**

**દિવસ : રવિવારે, તા. ૯-૩-૨૦૧૪**

સૌને ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

**લી.**

**જશવંતલાલ કોદરલાલ પરીખ**

**પ્રમુખ, બાલાસિનોર વિદ્યા મંડળ**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## લગ્ન પ્રસંગે મળેલ દાતાઓની નામાવલી

૧) રીદ્ધી નીશીત ધારીઆ (દલાલ) ના શુભ લગ્ન પ્રસંગે મળેલ રૂા. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાનનું વચન
હસ્તે : શ્રી નીશીત રસીકલાલ ધારીઆ દલાલ.

૨) ચિ. શૈવલના લગ્ન પ્રસંગે, જીગ્નેશ મહેન્દ્રભાઈ લાકડાવાલા ફેમીલી તરફથી
રૂા. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાનનું વચન

૩) ઓજસ યોગેશ ધારીઆના શુભ લગ્ન પ્રસંગે મળેલ રૂા. ૨,૫૦,૦૦૦/-નું માતબર દાનનું વચન
હસ્તે : શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ.

### પ્રિયજેને હોલ માટે મળેલ દાતાઓની નામાવલી

૧) શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ - રૂા. ૨,૫૦,૦૦૦/-

૨) શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ - રૂા. ૨,૫૦,૦૦૦/-

૩) શ્રી ઈન્દીરાબેન સુરેશભાઈ ધારીઆ (બલબલ) રૂા. ૧,૦૦,૦૦૦/-

૪) શ્રીમતી નયનાબેન જીતેન્દ્ર મોદી - રૂા. ૧,૦૦,૦૦૦/-

સંસ્થા સૌ દાતાઓ અને તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

# કે. એમ. જી જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબનો કેમ્પ યોજવામાં આવેલ.**

(૧) **શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (ગ્રીન ફાઉન્ડેશન) બ્લડ ડોનેશન કેમ્પ :** ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખા પ્રેરિત કે.એમ.જી. જનરલ હોસ્પિટલ સંચાલિત જે. એમ. કડકીઆ (ગ્રીન ફાઉન્ડેશન) બ્લડ સ્ટોરેજ સેન્ટરના લાભાર્થે થયો. સ્વ. મંજરીબેન દીનકરભાઈ પંડયા (રાજપીપળા) ના સ્મૃતિશ્રણ નિમિતે લાયન્સ હૉલમાં તા. ૧૧-૧-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૭૭ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. આ કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ બ્લડ બેંક, નડીયાદનો સહકાર મળેલો.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ભરતભાઈ કીરતનલાલ પરીખ તરફથી તેઓના પત્ની શ્રીમતી ચંદ્રીકાબેનની સ્મતિમાં | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| (૨) | ઈન્દિરાબેન પ્રવિણચંદ્ર પરીખ (ચા વાળા) તરફથી તેમની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે | રૂા. ૧૧,૧૧૧/- |
| (૩) | ત્રણ ઓપરેશનમિતિ | રૂા. ૨૨,૫૦૦/- |

- મુર્હુમ સુલતાનાબેન હાજી અબ્દુલરસીદ શેખ
- મર્હુમ અફશાનાબેન હાજી અબ્દુલરસીદ શેખ
- મર્હુમ અબ્દુલસત્તાર હાજી સુલેમાન શેખ

(૪) શ્રીમતી ભુમિકાબેન વિમલભાઈ પટેલ, બાલાસિનોર રૂા. ૪,૦૦૦/-

ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે

**હોસ્પિટલમાં તા. ૧-૪-૧૩ થી તા. ૩૧-૧૨-૧૩ દરમ્યાન નીચે મુજબના વિભાગોમાં થયેલ કામગીરી**

| | |
|---|---|
| (૧) કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા વિભાગ : | ૬૪૬ |
| (૨) કુટુંબ કલ્યાણ કાર્યક્રમ : | ૧૮૪ |
| (૩) શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ : | ૯૦૨૦ |
| (૪) મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષ-રે વિભાગ : | ૫૩૩૦ |
| (૫) બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ : | ૬૦૬૬ |
| (૬) શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ : | ૨૦૬૬ |
| (૭) મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ : | ૨૬૯૯ |

# કે. એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ
# : સન્માન સમારંભ :

સુજ્ઞ શ્રી....

**આ વર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સન્માનીય દાતાશ્રીઓની પ્રતિમાઓનું અનાવરણ તથા**
**સખાવતી દાતાઓનો સન્માન સમારંભ**

**તા. ૯-૩-૨૦૧૪ ને રવિવાર**

**સવારે ૧૦.૦૦ કલાકે** નીચે જણાવેલ સ્થળે કરવામાં આવશે.

આ પ્રસંગે **પરમ પૂજ્ય શ્રી ષષ્ઠપિઠાધિશ્વર ગોસ્વામી ૧૦૮, શ્રી દ્વારકાદેશલાલજી મહારાજશ્રી કલ્યાણરાયજી મંજિર, માંડવી - ચાંપાનેર રોડ, વડોદરા.** આશિર્વચન આપવા પધારશે.

**મુખ્ય મહેમાન**

**ડૉ. શિશિર પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) કન્સલટન્ટ ફીજીશીયન અને કાર્ડીયોલોજીસ્ટ**

**અતિથિ વિષેશ**

**માનનીય શ્રી માનસિંહજી ચૌહાણ**
**ધારાસભ્યશ્રી, બાલાસિનોર મત વિસ્તાર**

**શ્રી નરેશભાઈ વેદ**
**(એમ.એ.પી.એચ.ડી.)**

**માનનીય શ્રી રાજેશભાઈ પાઠક**
**માજી ધારાસભ્યશ્રી**
**મહીસાગર જીલ્લા ભા.જ.પા. મહામંત્રીશ્રી**

સન્માનીય દાતાશ્રીઓનું ગૌરવ વધારવા અને સમારંભની શોભામાં અભિવૃધ્ધિ કરવા આપ સૌને પધારવા અમારુ હાર્દિક આમંત્રણ છે.

## સન્માનીય દાતાશ્રીઓની પ્રતિમાઓનું અનાવરણ

(૧) શ્રી કચેરીયા મોજીલાલ ગોરધનદાસ
(૨) શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (મેનપુરવાળા)

## સન્માનીય દાતાશ્રીઓ

(૧) શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (પડાલવાળા) હસ્તે : હંસાબેન બાબુલાલ શાહ (પડાલવાળા)
(૨) શ્રી ગુણવંતલાલઓચ્છવલાલ શાહ (સુરતવાળા)
(૩) શ્રી નટવરલાલ ચંદુલાલ કડકીઆના પરિવાર તરફથી શ્રી સુજીતભાઈ અને દિલીપભાઈ કડકીઆ
(૪) હાજી મહંમદ યુસુફ એફ મલેક. હસ્તે : શ્રી મુસ્તાકભાઈ મલેક (પડાલવાળા)
(૫) હાજી મહંમદભાઈ હાજી ઈસ્માઈલભાઈ શેખ (બેન્સાવાળા)
(૬) શ્રીમતી શકુંતલાબેન ચંદ્રકાન્તભાઈ દેસાઈ (સોજીત્રાવાળા)
(૭) ધી અર્નેસ્ટ એન્ડ યંગ ફાઉન્ડેશન, મુંબઈ. હસ્તે : શ્રી રાજેશભાઈ શાંતીલાલ કડકીઆ
(૮) શ્રી ભરતભાઈ કીરતનલાલ પરીખ
(૯) શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)
(૧૦) શ્રી સમીરભાઈ ચંદ્રકાન્તભાઈ પરીખ (બખલી) હસ્તેઃ શ્રી ચંદ્રકાન્તભાઈ મુળજીભાઈ પરીખ (બખલી)

**સ્થળ : કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર**

**શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ, પ્રમુખશ્રી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક તા. ૭-૧-૨૦૧૪ના રોજ મંગળવારે સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ અનઉપસ્થિત હોવાથી ઉપપ્રમુખ શ્રી સૌમીલ મોદીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ રજુ કરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ તથા સખાવતી દાતાઓનો સત્કાર સમારંભનો આવક જાવકનો હીસાબ શ્રી સમીર ગાંધીએ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

ક્રિકેટના સંયોજક શ્રી ચીરાગ પરીખે બીપીએલ ટુર્નામેન્ટનો ટૂંકો અહેવાલ રજુ કર્યો અને જણાવ્યું હતું કે ટુર્નામેન્ટ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસ થી ચાલુ થશે અને હાજર રહેલા સહુ સભ્યોને આમંત્રણ આપ્યું હતુ.

ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી દીપક શાહએ એમનો હીસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી પ્રતીમાબેન ધારીઆએ એમના ૪ થા અને ૫ મા પ્રોગ્રામના હિસાબની રજુઆત કરી હતી તે પસાર કરવામાં આવી હતી.


શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાલા)ના સંયોજક શ્રી સુનીલ મોદીએ રજુઆત કરી હતી કે નવુ નાટક તા. ૩૦મી માર્ચ ૨૦૧૪ રવિવારના રોજ પ્રબોધનકર ઠાકરે હોલ (બોરીવલી) ખાતે રાખવામાં આવ્યું છે તેની વધુ વિગત આવતી કારોબારીમાં જણાવશે.

શ્રી મનોજભાઈ, અમરીશભાઈ કન્સેશનલ નોટબુક યોજના અને શ્રી રસીકભાઈ ચંદુલાલ પરીખ (સરકાર) નોટ બુક રાહત યોજના સંયોજક શ્રી અજય દોશી નોટ બુક વિતરણની તારીખો જાહેર કરી હતી.

શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોરપોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ બાબુલાલ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહ એ જાહેર કર્યુ હતુ કે ઉપનગર ખાતે કેરમ અને ચેસની હરીફાઈ તા. ૧૯-૧-૨૦૧૪ રવિવારના રોજ શ્રી શ્રેયાન્સભાઈ પરીખના નીવાસ સ્થાને રાખવામાં આવી અને સહુ હાજર રહેલા સભ્યોને હાજર રહેવા વિનંતી કરી હતી. કુલ ૧ આજીવન સભ્યની અરજી અને કુલ ૯ લીવ ની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**



# બાલાસિનોર સખાવતી દાતાઓને એક નમ્ર અપીલ

આપ સર્વેને જાણ છે કે બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા Community Hall માટેનો એક Project હાથ ધરવામાં આવ્યો છે. વર્ષો જૂની બાલાસિનોરની આવી જગ્યા માટેની આપણી જરૂરિયાત છે અને આપણે તે માટે ભૂતકાળમાં ઘણા પ્રયત્નો કર્યા હતા હવે આપણું આ સ્વપ્ન સફળ થવા આવ્યું છે.

આપણા નવયુવકસંઘની Office વાળું મકાન Redevelopment માટે જવાનું છે તેમાં Community હોલ માટે ૧૧૦૦ Sq.ft area નો Hall તથા ૫૦૦ ફૂટની Carpet area વાળી ઓફિસની જગા મળી બીજે માળે ૧૭૦૦ ફુટની જગા (Built up ૨૪૦૦ Sq.ft) નું નવયુવક સંઘના નેજા હેઠળ લેવામાં આવી છે.

આ Project માટે આશરે રૂા. ૩.૭૫ કરોડની જરૂર છે. જેમાં આપણા ગામના સખાવતી દાતાઓએ રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/- એક કરોડનું દાન ઉપરાંત ૨૫ લાખના ચાર દાતાઓ મળી ગયા છે.

જ્યોતિપુંજમાં ત્રણ મહિનાથી દાતાઓ માટેની appeal કરવામાં આવી છે જેના પ્રતિસાદ માટે સર્વ ઉદારદીલ બાલાસિનોર વાસીઓને ભાવભરી appeal કરવામાં આવે છે. કે રૂા. ૨૫ લાખના બે દાતાઓની જરૂર છે તે માત્ર આપ સર્વે પૂરી કરશો.

જીવનમાં આવી apportunity કોઈક જ વખત મળે છે. આપણે ત્યાં દાતાઓની ખોટ નથી આપણી પાસે જેટલા liauid assets હોય તેમાંથી ૫ ટકાનો હિસ્સો આવી charity માટે આપશો તો આપણો આ Project જરૂર સફળ થશે.

ભૂતકાળની વાતો ભૂલી જઈ વર્તમાનકાળમાં action લઈશું તો ભવિષ્ય માટેની આપણા સૌની વર્ષો જૂની જરૂરીયાત બધાને લાગી છે તે પરિપૂર્ણ થશે.

આ Community Hall આપણી સર્વે નાની મોટી જરૂરિયાત જેવી કે બધી સંસ્થાઓની A.G.M. સત્સંગ સભા, ભાગવત્ કથા, નાના મોટા પ્રસંગો જેવા કે વિવાહ યા વ્યક્તિઓ માટે એક Ideal Hall પૂરવાર થશે તો આવો આપણે બધા ભેગા મળી આ Project પૂરો કરીએ. જેથી આજની તથા આવતી પેઢી માટે આ એક આશીર્વાદ સમાન બની રહેશે.

પરદેશમાં વસતા બાલાસિનોર વાસીઓને Special appeal

વરસોથી પરદેશમાં સ્થાયી થયેલા આપ સૌએ ઘણીજ પ્રગતિ સાધી છે. સાંભળવા પ્રમાણે આપણો યુવાન વર્ગ I.T. ક્ષેત્રે વિ.માં international Business ધરાવે છે. તથા ઘણી જ સફળતા પ્રાપ્ત કરી છે આ એક અવસર છે વતનનું ઋણ અદા કરવાનો Balasinor Association of America જેવી સંસ્થાના ઉપક્રમે અથવા વ્યક્તિગત્ આપેલા દાનનો

It is special Appeal to all N.R.I.'s to come forward and give generous donation for this noble cause such opportunity comes only once take advantage and contribute generously we expect at least 2 Donation singly or Jointly for our 25 lacs donation catagery & further more from every individual to their best capacity.

આપણા સમાજમાં અનેક ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ Professionals ડૉકટરો વિ. કરોડપતિના

વર્ગમાં મૂકી શકાય તેવા મહાનુભાવો છે. જેઓની કરોડોની liquid assets નો એક નાનો હિસ્સો આપણી સંસ્થાને ખૂબ જ મદદરૂપ થશે.

સમાજનું ૠણ અદા કરવાનો આ એક અમુલ્ય તકનો લાભ બધા લે એવી અપેક્ષા.

શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (પ્રમુખ)
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી (ઉપપ્રમુખ)
શ્રી ભાવેશ બિપીન મોદી (સેક્રેટરી)
શ્રી જાસ્મીન બીપીન શેઠ (જો.સેક્રેટરી)
શ્રી નિલેશ નવનીતલાલ શાહ (જો.સેક્રેટરી)
શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી (ખજાનચી)
શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ
શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ
શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ
શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ
શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા)
શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.)
શ્રી રસિકભાઈ શંકરલાલ મોદી (દેવ)
શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)
શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ
શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
શ્રી પ્રદિપ પ્રવિણચંદ્ર કડકીઆ
શ્રી દિલીપ મુલજીભાઈ ધારીઆ (લાલખા)
શ્રી પંકજ કાંતીલાલ ધારીઆ (લાલખા)
શ્રી કાર્તિક રસીકલાલ કડકીઆ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)
શ્રી જીગર મણીકાંત કડકીઆ
શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ

✤✤✤✤✤

# Excellent Quotes

1. "Success is Never Permanent, and Failure is Never Final. So don't stop your efforts until your "VICTORY" makes "HISTORY”

2. Treat everyone with politeness and love even those who are rude and wicked to you, not because they are nor nice but because your are and remember "Life is only 3 days long: Yesterday, which is gone forever,
Today, which is here to be lived wisely &
Tomorrow, which may never be seen

3. Always have the determination like a mirror, which never loses its ability to reflect back even if broken into a 1000 pieces.

4. "Comments can make a person and comments can break a person" So be Careful & Ethical while giving comments for someone".

5. Confidence doesn't come
when you have All the answers.
But it comes when you are
ready to face all the questions.

6. "Superb lines to remember in life.
Cry as hard as you want to.
But just make sure that
when you stop crying
you will never cry again for the same reason!”

7. "All the breaks you need in life wait within your imagination, Imagination is the workshop of your mind, capable of turning mind energy into accomplishment and wealth.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ મોદી**
**શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી**
૧૮૦૧/૧૮૦૨, શ્રી હાઈટસ, ૧૮ મે માળે,
૧૮, વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઈ - ૩૪
ફોન : ૨૩૫૨૩૧૫૭/૨૩૫૨૩૧૬૭

૨) **શ્રી અતુલ આર. દેસાઈ**
**GF-1**, શ્રધ્ધા ફ્લેટ, કૈલાશ પાર્ક સોસાયટી,
એસ.ટી. કોલોની પાછળ, ગોત્રી રોડ,
વડોદરા - ૩૯૦૦૨૧
મો. - ૦૯૦૩૩૦૫૧૦૮૭/૯૪૨૨૦૭૪૪૦૧

૩) **સાવિત્રી નવનીતલાલ પરીખ**
**મલ્લીકા નવનીતલાલ પરીખ**
ન્યુ મ્હાડા કોલોની, **MHB/102**
પહેલે માળે, પ્રતીક્ષા નગર, કોલીવાલા સ્ટેશન,
ગુરુ તેજબહાદુર નગર, સાયન (ઈસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૨૨
મો. - ૯૭૫૭૨૮૧૮૮૩

૪) **શ્રી નયન શાંતીલાલ કડકીયા**
સર્વોદય કો.ઓપ.હા.સોસાયટી
ફ્લેટ નંબર-૯, પ્લોટ નંબર - ૨૩૪
ગણેશ સોસાયટી સામે, સેકટર - ૪, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
મો. ૯૯૨૦૯૯૦૨૨૮/૯૭૦૨૯૬૮૯૮૦
૦૨૨-૬૫૭૩૯૪૨૮

## નવા ટેલીફોન નંબર

૧. **નીતીશ બાબુલાલ પરીખ (વેલી)**
**ડોલી નીતીશ પરીખ**
૯૩૨૪૫૪૬૪૭૪/૯૮૩૩૫૧૯૦૮૧
૦૨૨-૬૬૯૯૫૫૬૦

૨. **શશીકાંત નટવરલાલ મોદી**
૯૮૯૨૮૫૬૯૪૮

૩. **સોનલ શશીકાંત મોદી**
૯૬૧૯૨૫૦૫૭૦

## શુભ લગ્ન

**ધરવ** દીલીપકુમાર રસીકલાલ પરીખ (રાઠોડીયા)
**સલોની** રાજેષકુમાર ચંદ્રકાન્તભાઈ શાહ (ચટઈ)

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**મંત્રી : ભાવેશ મોદી**



**શિલા અશ્વીન કડકીઆ**
ઉંમર વર્ષ - ૬૭
શ્રીજીચરણ : તા. ૧૬.૧.૨૦૧૪
**ચક્ષુદાન** કરેલ છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**